RIGHT TO INFORMATION

बहुजनहिताय बहुजनसुखाय

અપીલ અરજી નં.૬૦૪ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ.શ.વિ.)
ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બહુમાળી બિલ્ડીંગની સામે નદી કાંઠા પર હાલમાં જજીસ બંગલાનું અથવા કોઈ સરકારી બાંધકામ થઈ રહ્યું છે તેના મંજૂર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલો આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૪/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બહુમાળી બિલ્ડીંગની સામે નદી કાંઠા પર હાલમાં જજીસ બંગલાનું અથવા કોઈ સરકારી બાંધકામ થઈ રહ્યું છે તેના મંજૂર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલો આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૫૯ તા.૧૪–૨–૧૨ ના પત્રથી** ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ.શ.વિ.) તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળે અને ત્યાર બાદ નારજગી હોય તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં તા.૨૫–૪–૧૨ ના રોજ હાથોહાથ પત્ર નં.ટીડીઓ/૫૬૩ તા.૨૧–૨–૧૨ ના રોજ મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને અઘટિત વિલંબથી મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની અપીલ અન્વયે સેન્ટ્રલઝોનના કોમ્પ્યુટર પ્રોગ્રામ સ્ટેટસ ધ્યાને લઈ તેઓ કક્ષાએથી અરજી સંપૂર્ણ પણે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને તબદીલ કરેલ હોઈ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને પક્ષકાર બનાવેલા.

અરજદારની તા. ૨૩–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) બહુમાળી બિલ્ડીંગની સામે નદી કાંઠા પર હાલમાં જજીસ બંગલાનું અથવા કોઈ સરકારી બાંધકામ થઈ રહ્યું છે તેના મંજૂર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલો આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામ નદીકાંઠે બનાવવામાં આવેલ પાળાથી કેટલા ફુટના અંતરે બાંધવાની પરમીશન આપના વિભાગે આપેલ છે તેની વિગત આપશો. મુદ્દા નં.(૩) આ બાંધકામ પાળાથી નિયત કરેલ અંતર પર જ થાય છે કે કેમ તે અંગેની ચકાસણી આપના વિભાગના અધિકારી ધ્વારા અત્યાર સુધીમાં થઈ હોય તો ચકાસણી કરનાર અધિકારી હોદ્દા ચકાસણી તારીખ તથા ચકાસણી કર્યા બાદ તે અધિકારીએ જે રીપોર્ટ તૈયાર કર્યો હોય તો રીપોર્ટની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં

કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. કે અરજી તબદીલી અંગેની કોઈ વિગતો જણાવેલ ન હતી પરંતુ અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ /૧૭૫૯ તા.૧૪–૨–૧૨ થી પૂરક વિગતો માંગતા મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૬૩ તા.૨૧–૨–૧૨ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ને તબદીલ કરવામાં આવેલ. આથી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડવાની રહે.

ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીડીઓ) કક્ષાએથી વિલંબિત પૂરક વિગતોને કારણે જે તે સમયે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પક્ષકાર તરીકે જોડી પૂરક વિગતો મેળવી શકાઈ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જો જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પૂરી પડાયેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૭((૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને જો પૂરી પડાયેલ હોય તો પુનઃ તેની નકલ અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. વધુમાં ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને અરજી સમયસર તબદીલ થાય તેની કાળજી લેવા જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી રમેશ કે. જાંગીડ,